# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલીમાં નાવલી નદી પર 25 કરોડના ખર્ચે તૈયાર થનારા રિવરફ્રન્ટનું ખાતમુહુર્ત કર્યું.
2. ગુજરાતે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે 30 ગીગોવૉટની વિક્રમજનક ક્ષમતા સ્થાપિત કરી નવી સિદ્ધિ મેળવી.
3. રાજ્યમાં ગઈકાલે એસ.ટી. નિગમમાં અત્યાર સુધીની સૌથી વધારે એક લાખ 41 હજારથી વધુ સીટનું બૂકિંગ થયું.
4. અમદાવાદમાં ગુરૂવારે 10 થી વધુ જગ્યાએ છઠ પૂજા મહોત્સવ યોજાશે.
5. રાજ્યમાં આગામી એક સપ્તાહ સુધી ગરમી યથાવત્ રહેવાની હવામાન વિભાગની આગાહી

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પહેલાના સમયમાં નગરપાલિકાનું આખા વર્ષનું બજેટ 5થી 10 લાખ રૂપિયાનું હતું. જ્યારે આજે નગરપાલિકા દ્વારા 100 કરોડ રૂપિયાના વિકાસકાર્યોના લોકાર્પણ થઈ રહ્યા છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં 122 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી પટેલે આમ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું કે, આયોજનબદ્ધ વિકાસકામોને સરકારમાં તાત્કાલિક મંજૂરી મળી રહી છે. દરમિયાન સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ APMC ખાતે સ્વર્ગીય ભગવાનબાપાની પ્રતિમાનું અનાવરણ કરતાં શ્રી પટેલે જણાવ્યું કે, તેમણે સમૂહ ખેતીનો ઉન્નત વિચાર અમલમાં મૂક્યો હતો.

રાજ્ય સરકારે નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવા માટે 25 કરોડ રૂપિયા મંજૂર કર્યા હોવાનું ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું.

### (બાઇટ – મહેશ કસવાલા, ધારાસભ્ય)

દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાવરકુંડલા ખાતે શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની મુલાકાત લીધી હતી. શ્રી પટેલે ૧૦૦ ટકા નિ:શુલ્ક હેલ્થકેર મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ ખાતે મેડિસીન, આંખ, હાડકાં, કેન્સર ઓપરેશન થિયેટર સહિતની અત્યાધુનિક સુવિધાઓની પણ મુલાકાત લઈ, છેલ્લા દસ વર્ષથી અવિરત આ તબીબી સેવાને બિરદાવી હતી.

----------------------

## URJA SIDDHI

ગુજરાત રાજ્યે આ ઑક્ટોબર મહિનામાં પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે 30 ગીગોવૉટની વિક્રમજનક ક્ષમતા સ્થાપિત કરીને નવી સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે ગુજરાતે દેશમાં આ ક્ષેત્રમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિની સાથે ગુજરાતે ભવિષ્ય માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સંશાધનોના વ્યાપક વિકાસ દ્વારા પર્યાવરણની સલામતી તરફ વધુ એક સોપાન સર કર્યું હોવાનું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ - GUVNLની યાદીમાં જણાવ્યું છે.

GUVNL દ્વારા વર્ષ 2023-24 દરમિયાન 13 ગીગાવૉટની સમગ્ર દેશમાં સર્વોત્તમ ક્ષમતાના પુનઃપ્રાપ્ય ઊર્જા કરાર હસ્તાક્ષર કરાયા છે. ઉપરાંત પોતાની સિદ્ધીઓને દેશમાં ઝળહળતી રાખી દેશના ડી-કાર્બનાઈઝેશન લક્ષ્યમાં પોતાનું અગ્રેસર યોગદાન આપવા ગુજરાતે વર્ષ 2030 સુધીનો પુનઃપ્રાપ્ય ક્ષમતાનો મહત્વકાંક્ષી  લક્ષ્યાંક પણ નક્કી કર્યો છે. આ માટે લાંબા ગાળાની રણનીતિ પણ બનાવવામાં આવી છે.

---------

## ST EXTRA BUS

રાજ્યમાં ગઈકાલે એસ.ટી. નિગમમાં અત્યાર સુધીનું સૌથી વધારે સીટનું બુકિંગ થયું છે. ગઈકાલે એક જ દિવસમાં એક લાખ 41 હજાર 468 સીટનું બુકિંગ થતાં નિગમને ત્રણ કરોડ 15 લાખ 78 હજાર 76 રૂપિયાની આવક થઈ છે એમ ગુજરાત એસ.ટી. નિગમે અખબારી યાદીમાં જણાવ્યું છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન 26થી

30 ઑક્ટોબર દરમિયાન કુલ 8 હજાર 409 વધારાના ફેરા કરવામાં આવ્યા હતા. દરમિયાન 3 લાખ 90 હજાર જેટલા મુસાફરોએ પ્રવાસ કરતાં નિગમને 6 કરોડ 90 લાખ જેટલી આવક થઈ છે.

----------------

## SURENDRANAGAR SMC PSI MOT

સુરેન્દ્રનગરમાં શંકાસ્પદ દ્રવ્ય લઈને આવતી કારને રોકવા જતાં સમયે એક દુર્ઘટનામાં સ્ટેટ મૉનિટરિંગ સેલ SMCના પોલીસ ઉપ-નિરીક્ષક – PSI જાવેદ પઠાણનું મોત નીપજ્યું છે. મૃતક PSI આઠ મહિનાથી SMCમાં ફરજ બજાવતાં હતાં. તેમને સુરેન્દ્રનગર ખાતે નશીલા દ્રવ્યની હેરાફેરી થવાની માહિતી મળતાં તેઓ ચાર લોકો સાથે મળી દરોડા પાડવા ગયા હતા.

દરમિયાન નશીલા દ્રવ્ય ભરેલી એક શંકાસ્પદ કારને રોકવા જતાં ટ્રેલરથી ટક્કર થતાં જાવેદ પઠાણનું મોત નીપજ્યું હતું. આ મામલે સુરેન્દ્રનગર પોલીસ તપાસ કરી રહી છે. આ અંગે સ્ટેટ મૉનિટરિંગ સેલના પોલીસ અધિક્ષક નિર્લિપ્ત રાયે માહિતી આપી હતી.

**(ઑડિયો- નિર્લિપ્ત રાય, પોલીસ અધિક્ષક, સ્ટેટ મૉનિટરિંગ સેલ)**

દરમિયાન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બહાદુર પોલીસ જવાનને શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, દુઃખની આ ઘડીમાં રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ અવસાન પામનાર અધિકારીનાં જવાનના પરિવારજનો સાથે છે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## BARADA SAFARI

પોરબંદર જિલ્લામાં આવેલા બરડા જંગલ સફારી માટે એડવાન્સ બુકિંગ ચાલી રહ્યું છે. પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, બરડા સફારીની સત્તાવાર વેબસાઈટ ન હોવાથી U.P.I. - I.D. પર રૂપિયા ચૂકવી પ્રવાસીઓ બૂકિંગ કરી શકે છે. બરડા જંગલ સફારી કપૂરડી ચેક પોસ્ટ ખાતે ચાર ખૂલ્લી જીપની સુવિધા છે. સવારે પોણા સાત વાગ્યે ચાર ફેરા અને બપોરે ૩થી 6 દરમિયાન ચાર ફેરા થઈ રહ્યા છે.

પ્રવાસીઓ સફારી બુકિંગ માટે મોબાઈલ નંબર **92271 86646** પર સોમવારથી શુક્રવાર સુધી સવારે સાડા 10 વાગ્યાથી 6 વાગ્યા સુધીમાં કૉલ કરી ઉપલબ્ધ સફારી સ્લૉટ માટે માહિતી મેળવી શકે છે.

----------------

# Amdaavad Chhath Puja

અમદાવાદમાં આ ગુરૂવારે છઠ પૂજા મહાપર્વની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. શહેરમાં વસતા ઉત્તર ભારતીયો દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે છઠ પૂજા ઘાટ સહિત 10થી વધુ જગ્યાએ છઠ પૂજા મહોત્સવ યોજવામાં આવશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ પર્વના આયોજન માટે ઘાટની સાફ સફાઇ, શ્રદ્ધાળુઓને રહેવા અને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગુરૂવારે સાંજે ચાર વાગ્યાથી આ પૂજાનો પ્રારંભ થશે, જે બીજા દિવસે વહેલી સવારે આઠ વાગ્યા સુધી ચાલશે. શહેરના વિવિધ વિસ્તારમાં રહેતા અંદાજે 25,000થી વધારે લોકો આ ઘાટ ઉપર પૂજા કરવા આવશે.

ઉત્તર ભારતના પૂર્વાંચલ અને બિહારમાં આ ઉત્સવનું મહાત્મ્ય વધુ છે, જેમાં આથમતા સૂર્ય અને ઉગતા સૂર્યની પૂજા કરવામાં આવતી હોય છે. મહિલાઓ ત્રણ દિવસ માટે ઉપવાસ રાખે છે. છેલ્લા દિવસે નદીનાં જળમાં ઊભા રહી આથમતાં સૂર્ય અને ઉગતા સૂર્યને અર્ધ્ય આપવામાં આવે છે.

-----------------------------------

# Banaskantha Matdaaryaadi Sudharna

બનાસકાંઠા જિલ્લામાં 17, 23 અને 24 નવેમ્બરે મતદાર યાદીના વિશેષ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશ દિવસ યોજાશે.

આ સાથે જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા 24 ડિસેમ્બર સુધીમાં હક્ક - દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરાશે. જ્યારે 6 જાન્યુઆરી 2025ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરાશે.

---------

## Gujarat High Court Verdict

ગુજરાત વડી અદાલતે 26 વર્ષીય દુષ્કર્મ પીડિતાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી છે.

વડી અદાલતમાં હાલ દિવાળી વેકેશન વચ્ચે તત્કાલ સુનાવણી માટે આવતા કેસોમાં 26 વર્ષીય દુષ્કર્મ પીડિતાની ગર્ભપાત માટેની અરજી આવી હતી.. આજે નિષ્ણાત તબીબોની તપાસ બાદ વડી અદાલતે ગર્ભપાતની મંજૂરી આપી છે.

ઉલ્લેખનીય છે કે, આ ઘટના અંગે અમદાવાદના સોલા હાઈકોર્ટ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ ગુનો નોંધાયેલો છે.

-------

## SUPERVISOR WIREMAN EXAM

રાજ્યના વિવિધ કેન્દ્ર ખાતે આગામી 11થી 14 નવેમ્બર દરમિયાન ઇલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા માટેનું સમયપત્રક ખાતાની વેબસાઈટ ceiced.gujarat.gov.in પર મુકવામાં આવ્યું છે એમ ગાંધીનગર ઉદ્યોગભવનના લાયસન્સિંગ બોર્ડના સચિવની અખબારી યાદીમાં જણાવાયું છે.

------------------------------------

## Rajkot –zoo

રાજકોટ પ્રદ્યુમન પાર્ક પ્રાણી સંગ્રહાલય ખાતે દિવાળીના તહેવાર નિમિતે કુલ ૫૭ હજાર ૭૮૩ અને રામવન ખાતે ૬ હજાર ૩૩૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.

હાલ રાજકોટ પ્રાણી ઉદ્યાન ખાતે વિવિધ ૬૭ પ્રજાતિઓનાં કુલ ૫૬૦ વન્યપ્રાણી-પક્ષીઓ છે. જેમાં એશિયાઇ સિંહ, સફેદ વાઘ, રોયલ બેંગાલ ટાઇગર, દિપડા, હિમાલયનાં રીંછ, સ્લોથ રીંછ, વિવિધ પ્રજાતિઓનાં હરણ તથા વન્યપ્રાણી-પક્ષીઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવે છે. ઉપરાંત પ્રાણી સંગ્રહાલય ખાતે ૧૧ માસના ૨ સફેદ વાઘ બાળ મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

------------------------------------

## NEWS IN BRIEF

### અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. અરવલ્લી જિલ્લાના ભિલોડાના મઉગામે એક મકાનમાં શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગને અગ્નિશમનદળે કાબુમાં લીધી.

2. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં એડિશનલ સિવિલ જજના બંધ મકાનમાં સોના ચાંદી અને રોકડ રકમ ની ચોરીની ઘટના બની – બાલાસિનોર પોલીસે તપાસ હાથ ધરી.
3. પંચમહાલમાં જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ૨૮નવેમ્બર, ગુરૂવારના રોજ ગોધરા કલેકટર કચેરી ખાતે યોજાશે.
4. વલસાડના ધરમપુરના આંબાતલાટમાં દિપડાએ હુમલો કરેલા પીડિતાના પરિવારની સાંસદ ધવલ પટેલે મુલાકાત લીધી.
5. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આપત્તિ વ્યવસ્થાપન વિભાગ અને NDRF ટીમ દ્વારા ટી ત્સુનામી ઉપર મોક એક્સરસાઇઝ કરવામાં આવી.

-----------------------------------